# THE DR. LEO BARNES FOUNDATION














**Office: 101, Samudra Seema, 329 Dr. Ambedkar Rd., Bandra (W), Mumbai - 400 050. Maharashtra, India.**
**Tel.: 022 - 2605 4658 / 2648 7460**
**E-mail: leobarnesfoundation1993@gmail.com**
**Website: www.leobarnesfoundation.org**

# શરૂઆત કઈ રીતે થઇ.....




## લક્ષ્ય...

લક્ષ્ય છે સરળ અને એક જ કે નાવિક જ્ઞાતિના કોઈપણ બાળક સૌથી જરૂરી અને મૂલ્યવાન શ્રોત એવાં **જ્ઞાન** મેળવવાથી વંચિત ન રહેવા જોઇએ અને એ પણ માત્ર પૈસાની અછતને લીધે. અને તેથી જ ડૉ. લીઓ બર્નસ ફાઉન્ડેશન (LBF) ઉચ્ચ શિક્ષણ મેળવવાના દરેક સ્વપ્નને સાકાર કરવા આર્થિક સહાય પૂરી પાડે છે. આ સંસ્થાના કાર્યો પાછળનો મુખ્ય હેતુ ધ્યેય, દઢ નિર્ધાર અને સૌથી વિશેષ સફળતાના જુસ્સાને પોષવાનો છે. વિવિધ વ્યવસાયોમાં નાવિક જ્ઞાતિ બદ્નસીબે ઉચ્ચ શૈક્ષણિક ધોરણો ન હોવાની શાખ (છાપ) ધરાવે છે. તેઓ ભણેલા કહેવાય છે પરંતુ સુશિક્ષિત નહીં. અને એલબીએફ આ છાપ દૂર કરવા ચાહે છે. જેથી સમાજ નાવિક જ્ઞાતિ તરફ આદર અને સન્માનથી જુએ. અને આ જ ડૉ. લીઓ બર્નસનું સપનું હતું. જે સાકાર કરવા એલબીએફ ઉચ્ચ શિક્ષણ મેળવવા સ્કૉલરશિપ અને મેરિટાઇમ અભ્યાસ માટે રિસર્ચ ગ્રાન્ટ આપે. છે. જેમાં આપણા દેશમાં તેમજ વિદેશમાં વિવિધ પ્રકારની ડિગ્રી અને ડિપ્લોમાનો સમાવેશ થાય છે.

નાવિક સમુદાયના કલ્યાણની આ જ ભાવના સાથે એલબીએફ આ સમુદાયના સભ્યો અને તેમનાં પરિવારો માટે સમાજ કલ્યાણના કાર્યોનું પણ આયોજન કરે છે.

વચનબદ્ધતા અહીંજ નથી પૂરી થતી. તે એક પરીપૂર્ણ સમાજ તરીકે વિસ્તરે છે અને આમ એલબીએફ સામાજિક પ્રોજેકટો પર પ્રાયોજિત કરે છે.

ખરેખર તો આ ગર્વ લેવા જેવી બાબત છે કે ૧૯૯૩ માં તેના પ્રારંભથી જ અત્યાર સુધીમાં નાવિકો માટે રૂા. ૧.૫ કરોડથી વધુ સ્કૉલરશિપ અને સામાજિક યોજનાઓ માટે આપ્યા છે.

આ લક્ષ્ય વચનબદ્ધતા અને સૌતો બાબતે અહીંજ ન અટકતા દર વર્ષે વૃદ્ધિ પામતું જાય છે.

## દીર્ઘદષ્ટા

આ સંસ્થાને બળ આપનાર એક માત્ર દષ્ટિ હતી અને એ હતા અમારા સ્થાપક ચેરમેન શ્રી ડૉ. લીઓ બર્નસ. તેઓ કોઇપણ તક કે સહુલિયત વિના જન્મ પામ્યા હતાં. અને NUSI સીડીના ટોચના સ્થાને પહોંચવાના તેમના અથાગ પરિશ્રમમાં તેમની સૌથી અમૂલ્ય મૂડી તરીકે તેઓ જ્ઞાનને ગણે છે. પૈસા કે ઓળખાણ બાબતે કોઈપણ સહાય વિના તેમણે તેમના ધ્યેયને બળ આપ્યું, જાતે તકો ઉભી. કરી અને પોતાના સપનાને સાકાર કર્યું. નાણાકીય સમસ્યાને લીધે શાળા છોડ્યા। પછી તેમણે જહાજમાં (શિપ) કાર્ય કરવાનું શરૂ

કર્યું. અને જો તેઓ પણ એક સામાન્ય નાવિકના જીવનથી લલચાઈ તેને આધીન થયા હોત તો કદાચ તેમના શૈક્ષણિક ઈતિહાસનો અંત અહીં જ થાત. પરંતુ તેમણે આ પસંદ ન કરતાં પોતાની કારકિર્દીને વધારવા શિક્ષણ ચાલું રાખ્યું અને છેવટે મેરિટાઈમ લૉ માં BA, LLM, Ph.D. મેળવી ઉપરાંત હાવર્ડ યુનિવર્સિટીમાંથી ટ્રેડયુનિયન સ્ટડીઝમાં ડિપ્લોમા પણ કર્યો. એ લોકો જેઓ તેમને બરોબર જાણે છે તેઓ તેમની આંગણી પર કાયમ પહેરી રાખતા હાવર્ડ રિંગને ભૂલી નહીં શકે. જે તેને બળ આપે છે અને તેનો પ્રવાસ કેટલો લાંબો અને કપરો છે તે સતત યાદ અપાવે છે. તેઓ એવા માણસ છે જેમણે રસ્તાની લાઈટ નીચે ભણવું શું હોય છે એ પ્રત્યક્ષ અનુભવ્યું છે. અને આ જ કારણસર ડૉ. લીઓ બર્નસ ફાઉન્ડેશન તેમનાં અનુયાયીઓ દ્વારા તેમની સાહીઠમી વર્ષગાંઠ નિમિત્તે રૂા. ૨૨,૨૨૨,૨૨૨૨ નું ભંડોળ આપી ઉભું કરવામાં આવ્યું જેથી નાવિક જ્ઞાતિના કોઈપણ બાળકે ક્યારેય પણ જ્ઞાનના મંદિરમાં જ્ઞાનરૂપી પ્રસાદ મેળવવા ઝઝૂમવું ન પડે કે તેમણે અનુભવેલી યાતનાઓમાંથી પણ પસાર ન થવું પડે. આ જ એમનું સપનું હતું અને આજે એ એલબીએફનું સપનું બન્યું છે.

## એલબીએફ દ્વારા કરાતાં કાર્યો

## સ્કોલરશિપ

## કોણ મેળવી શકે છે

૧. અરજીકર્તા સી.ડી.સી. ધારકનું અથવા નજીકના સગા (લોહીનો સંબંધ ધરાવતા) અથવા સી.ડી.સી. ધારકના પાલકનું સંતાન હોવો જોઈએ જે સંપૂર્ણપણે પરાવલંબી અથવા સી.ડૉ.સી. ધારક પર મદાર રાખતો હોય. સી.ડી.સી. ધારક મૃત્યુ પામ્યો હોય તો પણ આ લાગુ રહે છે.

૨. અરજીકર્તા સી.ડી.સી. ધારક કે જેણે એલબીએફમાં દાન આપ્યું હોય તેનું સંતાન અથવા નજીકના સંબંધી કે સગીર પણ હોઈ શકે છે.

૩. અરજીકર્તાએ હાયર સેકન્ડરી સર્ટિફિકેટ પરીક્ષા અથવા તેની સમકક્ષ પૂર્ણ કરી હોવી જોઈએ અને તે ભારત સરકાર કે રાજ્ય શૈક્ષણિક બૉર્ડ દ્વારા માન્યતા પ્રાપ્ત કોઈપણ શૈક્ષણિક સંસ્થામાં શિક્ષણના કોઈપણ સત્ર માટે સ્નાતક/અનુસ્નાતક અભ્યાસક્રમ માટે અરજી કરતો હોવો જોઈએ.

૪. અરજીકર્તા ટેકનિકલ કે પ્રોફેશનલ અભ્યાસક્રમ માટે પણ અરજી કરી શકે છે જે ભારતીય યુનિવર્સિટી દ્વારા અલ ઈંડિયા ટેકનિકલ ડૉપાર્ટમેન્ટ દ્વારા અથવા AICTE/NCTE/MCI/NAAC/RCI અને અન્યની માન્યતા પ્રાપ્તહોય. ।

૫. અન્ય દેશની યુનિવર્સિટીમાં અભ્યાસક્રમ માટે અરજી કરતાં અરજદારો પણ લાયક ગણાશે.

## અરજી પ્રક્રિયા :

આ સ્કૉલરશિપ માટે લાયક ઉમેદવારોએ એલબીએફની નીચે દર્શાવેલી ઑફિસમાં વિનામૂલ્યે મળતાં આલેખિત ફોર્મમાં અરજી કરવાની રહેશે:

**૧૦૧, સમુદ્ર સીમા, ૩૨૯, ડૉ. અંબેડકર રોડ, વાંદ્રા (પ.),**
**મુંબઈ - ૪૦૦ ૦૫૦, મહારાષ્ટ્ર, ઈન્ડિયા,**
**ફોન : ૨૬૦૫ ૪૬૫૮ / ૨૬૪૮ ૭૪૬૦**

આ માટેની અરજી સાથે નીચે જણાવેલા દસ્તાવેજો જોડવા જરૂરી છે :

૧. આધાર કાર્ડની નકલ.

૨. સી.ડૉ.સી.ની નકલ.

૩. સ્નાતક અભ્યાસક્રમ માટે S.S.C. અને H.S.C. (અથવા સમકક્ષ)ની ગુણાંક પત્રિકા.

૪. કલિજ/સંસ્થાના પ્રિન્સિપલનો પત્ર જેમાં અરજીકર્તા અન્ય કોઇ સ્કૉલરશિપ/છૂટ (અનામત શ્રેણી અંતર્ગત)/સરકારી/કોઇ અન્ય બિન સરકારી સંસ્થા/ઈન્સ્ટિટ્યૂશન તરફથી સહાય મેળવે છે કે કેમ તે જણાવ્યું હોય.

૫. ટ્યૂશન ફી અને એક્ઝામ ફી ની અસલી રસીદ (રૂા. ૫૦૦/-થી વધારે હોય તો સ્ટેમ્પ લગાવેલી રસીદ).

૬. વિદ્યાર્થીના બેંક ખાતાની વિગતો / પાસબુકની નકલ.

૭. વિદ્યાર્થીનો મોબાઇલ / ટેલિફોન / ઇ-મેઇલ વિગતો.

એપ્લિકેશનને સંબંધિત શૈક્ષણિક વર્ષ માટે ૩૧ ડિસેમ્બરના રોજ અથવા તેના પહેલા એલબીએફ ઑફિસમાં પહોંચવું જોઈએ.

## સ્કૉલરશિપ વિગતો :

ફાળવવામાં આવતી સ્કૉલરશિપની રકમ દર વર્ષે પ્રત્યેક એકેડેમિક વર્ષ માટે અરજીકતાઓની સંખ્યા તેમજ નાણાકીય વર્ષ માટે ઉપલબ્ધ ફંડ આધારે બદલાઇ શકે છે.

વિદેશી યુનિવર્સિટીમાં અભ્યાસક્રમ માટે અરજીકર્તા હવાઇ ટિકિટ સહિત વિદેશી યુનિવર્સિટીનો સ્વીકૃતિ પત્ર રજૂ કરવા પર એક તરફ નુ રૂા. ૩૫,૦૦૦/- સુધીનાં વિમાનભાડા માટે લાયક ગણાશે.

**સ્કૉલરશિપ આગલા એકેડેમિક વર્ષના ઉત્તીર્ણથયાના (પાસિંગ) સર્ટિફિકેટની રજૂઆત કરવા પર તે પછીના વર્ષ માટે જ ફાળવવામાં આવશે.**

**સંશોધન સહાયતા**

## રિસર્ચનો પ્રકાર:

રિસર્ચ નાવિકોને અને ખાસ કરીને ભારતીય નાવિકોને સંબંધિત હોવો જોઇએ જે સામાજિક, આર્થિક, તબીબી, માનસિક, કાયદાકીય અથવા અન્ય કોઇ વિષય પર આધારિત હોવો જોઇએ, તે રિસર્ચ સ્કૉલર/સંસ્થા દ્વારા રજૂ કરાયેલ અથવા ટ્રસ્ટ દ્વારા જાતે સ્વતંત્રરીતે તૈયાર કરાયેલ હોઇ શકે.

## ગ્રાન્ટ (સહાયતાની) વિગતો :

ગ્રાન્ટ પ્રોજેક્ટ ધોરણે અથવા રિસર્ચ એક વર્ષથી વધુ મુદત માટે હશે તો વાર્ષિક ધોરણે આપવામાં આવશે.

અરજી ફાઉન્ડેશનની ઑફિસમાંથી આલેખિત ફૉર્મ મેળવી લઇ તે દ્વારા ડુપ્લિકેટમાં રજૂ કરવાની રહેશે. વ્યાવસાયિક સમીતિ દ્વારા તેની સમીક્ષા કરાશે અને જરૂર જણાય તો પર્સનલ ઇન્ટરવ્યુ પણ લેવામાં આવશે. ફાળવવામાં આવનારી ગ્રાન્ટની મર્યાદા રિસર્ચના મેરિટ્સ આધારે રહેશે.

ટ્રસ્ટના પ્રમુખનો નિર્ણય આખરી ગણાશે અને તેની સમીક્ષા કે ફેર વિચારણા નહીં કરાય.

## નાવિકોના લાભાર્થે

નાવિક મનોવિકાસ કેન્દ્ર (NMK) એક સામાજિક સંસ્થા છે જે પ્રાથમિક રીતે નાવિકો અને તેમનાં પરિવાર માટેનું કાઉન્સેલિંગ સેન્ટર છે. તેનું મુખ્ય ધ્યેય છે :

ક) નાવિક સમાજ અને તેમના પરિવારોની સામાજિક, માનસિક અને વ્યાવસાયિક સમસ્યાઓ જાણવા સંસ્થાકીય અભ્યાસ કરવો. ।

ખ) સલાહ-સૂચનો આપવા ખાસ કરીને બાળકો માટે વ્યાવસાયિક માર્ગદર્શન.

### કન્સલટન્સીની મર્યાદા/આશા :

N.M.K. નો નીચે જણાવેલી વિવિધ પ્રકારની સમસ્યાઓ માટે સંપર્ક કરી કે સલાહ મેળવી શકાય છે.

૧) બાળકો માટે વ્યાવસાયિક માર્ગદર્શન અને સલાહ-સૂચનો.

૨) ચાતુર્ય, પર્સનાલિટી, ઇચ્છા અને અભિરૂચીનું મૂલ્યાંકન.

૩) નાવિકના વ્યવસાય માટે માણસોની પસંદગી કરવી, ઇન્ટરવ્યુ લેવો અને સ્ક્રીનિંગ કરવું.

૪) સેકસ, વિવાહ અને સંબંધો બાબતે સલાહ-સૂચનો

૫) કાર્યસ્થળે સ્ટ્રેસ મેનેજમેન્ટ અને વ્યકિતગત સમસ્યા.

૬) ફેમિલી વેલફેરના કાર્યક્રમો.

૭) ડીપ્રેશન, ડ્રગ એડિકશન ઇત્યાદિ માટે સાયકોથેરાપી.

### કર્મચારી વિગતો :

કન્સલ્ટન્સી ભારતના વિવિધ ભાગોમાં કેમ્પમાં અનુભવી માનસશાસ્ત્રી, સલાહકારો અને કર્મચારીઓ દ્વારા હાથ ધરવામાં આવશે. તે મુંબઈ (૦૨૨-૨૯૦૫ ૪૯૫૮), ગોવા (૦૮૩૨-૨૭૮૧૧૯૭) અને મંગલોર (૦૮૨૪-૨૯૮૪૯૫૮) પર એલબીએફ ઓફિસોના ત્રણ સ્થળોએ કાર્ય કરે છે. વધુ માહિતી એલબીએફ ઓફિસ પર મેળવી શકાય છે અથવા તમે **www.leobarnesfoundation.org** પર વેબસાઇટની મુલાકાત લઈ શકો છો


Counselling Services
and
Academic Advising


Life Skill


Yoga Session


Career Guidance Seminar


Career Counselling


Addressing
Seamen Needs


Camp


Aptitude Testing

DR. LEO BARNES FOUNDATION

101, Samudra Seema, 329, Dr. Ambedkar Road,
Bandra (W), Mumbai - 400 050, Maharashtra, India.
Tel.: 022 - 2605 4658 / 2648 7460
E-mail: leobarnesfoundation1993@gmail.com
Website: www.leobarnesfoundation.org